Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

**Shree Atmanand Prakash**



**श्री आत्मानंद प्रकाश**

परेऽशुभस्य वाञ्छायां स्वस्य सम्पद्यतेऽशुभम् ।
परे शुभस्य वाञ्छायां स्वस्य सम्पद्यते शुभम् ॥

બીજાનું અશુભ ઇચ્છવાથી પોતાનું અશુભ થાય છે.
બીજાનું શુભ ઇચ્છવાથી પોતાનું શુભ થાય છે.

He who desires ill of another, falls into ill himself.
Good occurs to him who desires good of another.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૩ | ફાગણ-ચૈત્ર | આત્મ સંવત : ૧૦૦ |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૨ |
| અંક : ૫-૬ | માર્ચ-એપ્રિલ : ૯૬ | વિક્રમ સંવત : ૨૦૫૨ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શ્રી મહાવીર જિન સ્તવન | પૂ. આ. શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ | ૨૫ |
| (૨) | આત્મા બન્યો પરમાત્મા (ગતાંકથી ચાલુ) | અનુવાદક : ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૬ |
| (૩) | ભગવાન શ્રી મહાવીરદેવનો જીવન સંદેશ | પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિ. | ૩૧ |
| (૪) | સાભાર સ્વીકાર | — | ૩૫ |


## આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ


| | |
|---|---|
| શ્રી પ્રફૂલચંદ્ર વલ્લભદાસ મહેતા | ભાવનગર |
| શ્રી ચંદુલાલ ધનજીભાઈ વોરા | ભાવનગર |
| શ્રી બળવંતરાય વનમાળીદાસ શાહ (વલ્લભીપુરવાળા) | ભાવનગર |
| શ્રી ચંદ્રકાંતભાઈ સી. શાહ | વડોદરા |
| શ્રી હિંમતલાલ જીવરાજભાઈ કનાડીયા | ભાવનગર |
| શ્રી ખાંતિલાલ મુળચંદભાઈ શાહ | ભાવનગર |
| શ્રી હર્ષદરાય હકમચંદભાઇ શેઠ | ભાવનગર |
| શ્રી ભુપતરાય શાંતિલાલ શાહ | ભાવનગર |
| શ્રી વિનોદરાય મણીલાલ રાણપુરા | ભાવનગર |
| શ્રી મનહરલાલ વૃજલાલ ભંભા | ભાવનગર |
| શ્રી મહેન્દ્રકુમાર મનસુખલાલ શાહ | ભાવનગર |
| શ્રી શશીકાંત મોહનલાલ શાહ | ભાવનગર |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ



# શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન

( રાગ : રાખના રમકડાં )

વીરનાં વયણુડાં, મારા મનમાં રમતાં રાખ્યાં રે;
જન્મ મરણુના દુઃખ હટાવા, પ્રભુએ અમૃત ભાખ્યાં રે. વીરનાં૦ ૧

લોકો બોલે અમૃત બીજું. એ અમૃત નહિ માનું;
શિવસુખનાં જે સ્વાદ ચખાવે તે અમૃત દીલ આણું રે. વીરનાં૦ ૨

વિષય વિષનું ઝેર ઉતારે, ધર્મ અમૃત તે કહીએ;
પાણીને વલોવી વ્હાલાં, માખણ કહો કેમ લહીએ રે? વીરનાં૦ ૩

સ્યાદ્વાદ સમ નયથી ભળીયું, પુણ્યે એ મને મળીયું રે;
કર્મ પ્રબલ દલ તેથી ગળીયું. નિજ ભાવે દીલ હળીયું રે. વીરનાં૦ ૪

આત્મ કમલ એ અમૃત મીઠું, પીને શિવપુર દીઠું;
લબ્ધિ વિલાસ રહ્યો જ્યાં અગણિત, તે જગ અમૃત મીઠું રે વીરનાં૦ ૫

પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્મા બન્યો પરમાત્મા

પ્રવચનકાર : આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી
અનુવાદક : ડૉ. કુમારપાળ દેસાઇ

( ગતાંકથી ચાલુ-હપ્તો ૪ થો )

## આત્માના ત્રણ ભેદ

આત્મા જ્યારે જાણે છે કે આ કર્મજનિત ઉપાધિઓને કારણે આત્મગુણોના વિકાસમાં વિક્ષેપ આવે છે ત્યારે એવાં કર્મોને અપનાવે છે જ શા માટે? ખરું જોતાં આત્મા ન ઇચ્છે તો પણ પરભાવો-શરીર અને શરીર સાથે સંબંધિત વસ્તુઓ-ઉપર રાગ, દ્વેષ, મોહ વગેરેને કારણે કર્મબંધન કરી બેસે છે. કર્મોને શત્રુ જને દૂર રાખીએ તો જ આ શક્ય બને, પરંતુ આજે અધિકાંશ આત્માઓએ કર્મશત્રુઓને મિત્ર બનાવેલા છે.

માથું કાપી નાખતા શત્રુઓ તો પ્રત્યક્ષ રીતે શરીરનો નાશ કરે છે. જ્યારે કર્મશત્રુ તો આત્માના ગુણોનો નાશ કરીને કેટલાંય જન્મોની ઉત્તમ ધર્મકરણીને નષ્ટ કરી નાખે છે માથું વાઢી નાખનાર અનિત્ય શરીરનો જ નાશ કરે છે, નિત્ય આત્માનો નહીં. પરંતુ દુષ્ટ કર્મશત્રુઓ સાથે મિત્રતા કરીને તો આપણે સ્વયં આપણું માથું કાપવાનું કામ કરીએ છીએ.

આ માટે કર્મજનિત ઉપાધિ-નિરુપાધિને ધ્યાનમાં લઇને આત્મગુણોના વિકાસની વધતી ઓછી માત્રાની દૃષ્ટિએ આત્માઓને મુખ્યત્ત્વે ત્રણ ભાગમાં વહેંચી શકાય છે (૧) બહિરાત્મા (૨) અંતરાત્મા અને (૩) પરમાત્મા. શરીર અને શરીરને સંબંધિત વસ્તુઓમાં આત્મબુદ્ધિ કરવાવાળો આત્મા બહિરાત્મા કહેવાય છે. શરીર અને શરીરના અંગઉપાંગોને બધું જ સમજનારા લોકો. એને પોતાનો માનીને રાત દિવસ શરીરની જ સેવા સુશ્રુષામાં રચ્યા-પચ્યા રહે છે આવો આત્માની સેવાનો કોઇ વિચાર નહીં કરનાર બહિરાત્મા છે. આવા લોકો, ભોજન માટે થોડું જ અનાજ જોઇએ, છતાં પણ દુનિયાભરના ખાદ્ય-પદાર્થો પહેલેથી સંગ્રહ અને મમત્ત્વ કરીને ભરી રાખશે. પહેરવા માટે થોડાંક કપડાં જોઇએ, પરંતુ કપડાંની પેટીઓની પેટીઓ ભરીને રાખશે કોઇ વ્યક્તિ ઠંડીથી ધ્રુજતો હશે તેમ છતાંય તેને કશું નહીં આપે. પોતાના માટે અને પોતાના શરીર માટે ભેગું કરીને રાખશે.

શરીરને રહેવા માટે નાનકડું મકાન જોઇએ, પરંતુ મોટા-મોટા વિશાળ અને આલીશાન બંગલા અને ઇમારતો બનાવશે. કોઇ ગરીબને એમાં આશ્રય નહીં આપે આ જ રીતે શરીરના એશ-આરામ, આનંદ-પ્રમોદ અને સુખ-સુવિધા માટે દુનિયાભરનાં સાધનો એકઠાં કરશે, પૈસાને વ્યર્થ રીતે પાણીની જેમ વેડફી નાખશે, પરંતુ કોઇ દુઃખીની સેવામાં ધનનો ઉપયોગ નહીં કરે. માત્ર શરીરમાં જ આનંદ માનનાર બહિરાત્માઓ ગણાય આવી વ્યક્તિઓ આત્મા વિશે ક્યારેય કશું સમજતા કે વિચારતા નથી અને એ જ રીતે પરમાત્માના સ્વરૂપનો પણ વિચાર કરતા નથી. ખાવું-પીવું, સંપત્તિ એકઠી કરવી, સંતાનો પેદા કરવા, મોઝ મજા કરવી આ બાબતો જ તેમને માટે તો આત્મા અને પરમાત્મા છે.

નિષ્કર્ષ એ છે કે "બહિ" એટલે કે આત્માના પોતાના ગુણો અને સ્વભાવથી બહાર પરભાવો અને પરગુણોમાં જ અહર્નિંશ રમણ કરનાર જીવ બહિરાત્મા છે આવા આત્માઓ માટે પરમાત્મા અતિ દૂર છે.

શરીરની ત્રણ અવસ્થાઓ છે-બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા. બહિરાત્મા જીવ હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને. આ ત્રણ અવસ્થાઓ શરીરના ચિંતનથી વિશેષ કશું વિચારવાની તક સાંપડતી નથી. એને પોતાના બહિરાત્મપણાનું કોઇ દુઃખ હોતું નથી. અને કોઇ ધર્મગુરુ ગમે તેટલો ઉપદેશ આપે, તો પણ એને સહેજે શરમ આવતી નથી. આવી વ્યક્તિ ધૃષ્ટ અને નિર્લજ્જ થઇને શરીરના સુખ માટે દુનિયાભરનાં પાપકર્મો કરે છે અને પોતે જ પોતાના આત્માનો શત્રુ બને છે. ધર્માચરણની વાત તો ઘણી દૂર ગણાય, પણ આવી વ્યક્તિઓ ધર્મની સન્મુખ પણ નથી હોતી.

બાળપણમાં ગંદકીથી લપેટાએલો એને પોતાની જાતનું પણ એ કાળે ભાન હોતું નથી અને પરાધીન બનીને જીવતો હોય છે. યુવાનીમાં વિષયવાસનાના કીચડમાં ફસાયેલો રહે છે, ત્યારે પણ પોતાની જાતને સમજતો નથી. વૃદ્ધાવસ્થામાં તો શ્વાસ, ખાંસી, દમ જેવા કેટલાય રોગ થાય છે, તૃષ્ણા વધતી જાય છે અને ઘરના લોકો પણ ગમે ત્યાં થૂંકીને કે મળ-મૂત્ર કરીને ઘર બગાડતા હોવાથી નફરત કરે છે. આટલું બધું થયું હોવા છતાં પણ, વૃદ્ધાવસ્થામાં ધર્મની સન્મુખ જઇને પોતાના આત્મા વિશે કશું ય વિચારતો નથી. આનો અર્થ એ કે ત્રણે અવસ્થાઓમાં મનુષ્ય હોવા છતાં પશુની જેમ જીવે છે. પુરુષ તો તે કહેવાય, જે ધર્મમાં અને આત્મગુણોના વિકાસ માટે પુરુષાર્થ કરે. શ્રી આનંદઘન કહે છે–

"જે તે જીત્યા રે તે મુજ જીતિયા રે,
પુરુષ કિશ્યું મુજ નામ ?"

"પરમાત્માએ પરમાત્મા બનતા અગાઉ કામ, ક્રોધ, રાગ-દ્વેષ, મોહ આદિના કારણે જન્મેલા કર્મશત્રુઓને જીતી લીધા છે. તેઓ હવે મને ( બહિરાત્માને ) જીતી રહ્યાં છે, ત્યારે મારુ 'પુરુષ' નામ જ વ્યર્થ છે. કર્મશત્રુઓને જીતવાને બદલે એમનાથી હાર ખાઇને તેમનો ગુલામ બન્યો છું."

## બહિરાત્માનું બાહ્ય જગત :

બહિરાત્માની આ જ સ્થિતિ છે. જીવનની ત્રણે અવસ્થાઓમાં તે મૂર્ખ અને નાસમજ જ રહ્યો છે. સ્ત્રી, પુત્ર, કુટુંબ, ધન, મકાન વગેરેના મોહમાં લોકો એવા ફસાયેલા રહે છે કે તેમને પરમાત્માનું નામ લેવું કે આત્માના હિત માટે વિચારવું જરા પણ પસંદ પડતું નથી. આ વિશે એક રસપ્રદ ઉદાહરણ જોઇએ–

મારવાડના એક વૈષ્ણવ વાણિયાને ચાર પુત્રો હતા. ચારેય ઘણા હોંશિયાર, યોગ્ય અને વિનયી હતા. શેઠ રાત-દિવસ પોતાના કારોબારમાં જ ડૂબેલા રહેતા હતા. વૃદ્ધાવસ્થા આવવા છતાં પણ કોઇ દીકરા પર વિશ્વાસ રાખીને તેને કશું સોંપતા ન હતા.

દીકરાઓએ કહ્યું, "પિતાજી, હવે તમે ઘણાં વૃદ્ધ થઇ ગયા છો. ભગવાનનું ભજન અને ધર્મધ્યાન કરો. વ્યાપાર-ધંધો અમે સંભાળી લઇશું."

શેઠ બોલ્યા, "નહીં, હું તમારા વિશ્વાસે મારો વેપાર-ધંધો ન મૂકી શકુ. તમે બધા તો અત્યંત મહેનતથી કમાયેલી મારી સંપત્તિને વેડફી નાખો."

દીકરાઓએ આખરે કહ્યું, "ખેર પિતાજી! તમારે ન માનવું હોય તો ન માનજો. તમને જેમ યોગ્ય લાગે તેમ કરો."

એકવાર શેઠ એટલા બધા બીમાર પડ્યા કે સાવ પથારીવશ થઇ ગયા. શેઠનું દુકાને જવાનું પણ બંધ થઇ ગયું, પરંતુ એમનો જીવ તો રાત દિવસ ધંધાના વિચારોમાં જ ડૂબેલો રહેતો. પથારીમાં પડ્યા પડ્યા પણ શેઠ દુકાનની વાતો વિચારતા રહેતા હતા.

એક દિવસ શેઠની તબિયત ઘણી ગંભીર થઇ ગઇ. મૃત્યુ પથારીએ આવીને બેઠું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીકરાઓએ વિચાર્યું, "પિતાજીએ આપણને ઉછેર્યા છે. આપણા માટે સંપત્તિ એકઠી કરી છે તેથી આપણું કર્તવ્ય છે કે અંતિમ સમયે તેમને પરમાત્માનું નામ યાદ કરાવીએ. 'અંત મતિ સો ગતિ' એ કહેવત અનુસાર એમની ગતિ સુધરી જાય."

આમ વિચારીને ચારે દીકરાઓ પિતાની પાસે આવ્યા અને એમની પથારીની આજુબાજુ ઉભા રહ્યા.

પ્રથમ મોટા દીકરાએ કહ્યું, "પિતાજી, હવે તમારી જિંદગીનો ભરોસો નથી. રામનું નામ લો."

રામનું નામ સાંભળતાં શેઠને તરત જ કશું યાદ આવ્યું. તે બોલી ઊઠ્યા, "અરે! રામા જાટ પાસેથી રૂપિયા લેવાના છે. ગમે તે થાય, માગી લેજો" દીકરાઓએ વિચાર્યું, "વાત વિપરિત બની. ચાલો બીજું નામ યાદ કરાવીએ. કદાચ તેમના મનમાં ભગવાન જાગે."

બીજા દીકરાએ કહ્યું, "પિતાજી, હવે તો કૃષ્ણ-કૃષ્ણ જપો." આ સાંભળતાં શેઠ તત્કાળ બોલી ઊઠ્યા, "અરે ભાઈ! પેલો કિશન ધોબી ધોતીજોટા લઇ ગયો હતો એણે પૈસા આપ્યા નથી. બરાબર યાદ કરાવજો"

નિશાન વીંધવામાં તીર નિષ્ફળ ગયું તેથી ત્રીજા પુત્રએ કહ્યું, "પિતાજી! હવે તો ઘડી બે ઘડીના મહેમાન છો. ભગવાન-ભગવાન કરો." ભગવાનનું નામ સાંભળતાં જ શેઠે કહ્યું "અરે, જરા ભગવાન પંડિતનું ખાતું ખોલીને જોજો તેમાં કેટલા રૂપિયા બાકી છે?"

અંતે ચોથા દીકરાએ કહ્યું, "પિતાજી! બીજું કશું નહીં, તો પ્રભુ-પ્રભુ એટલું રટણ તો કરો." પરંતુ શેઠનું ચિત્ત તો માયામાં ડૂબેલું હતું તેને પ્રભુનું નામ ક્યાંથી પસંદ પડે?

તરત જ બોલી ઊઠ્યા, "જુઓ તો! પેલો પ્રભુ કામદાર ત્રણસો રૂપિયા લઇ ગયો હતો. બે વરસ થઇ ગયા, પણ એણે એનું વ્યાજ ચુકવ્યું નથી કે રૂપિયા પાછા આપ્ય નથી, એટલે તેનું ઘરબાર જપ્ત કરીને વ્યાજ સહિત રકમ વસૂલ કરજો.'

ચારે પુત્રો નિરાશ થઈ ગયા. કોઇપણ રીતે પિતાજી ભગવાનનું સ્મરણ કરે તે માટે ઘણી મહેનત કરી, તેમણે મૃત્યુપર્યંત ભગવાનનું નામ ન લીધું તે ન જ લીધું. ખાલી હાથે પરલોક સીધાવ્યા.

આવાં હોય છે બહિરાત્મા જીવ! જે જીવનભર ધર્મથી વિમુખ હોય છે અને આત્મા-પરમાત્માનો વિચાર કરતા નથી.

બીજા પ્રકારના આત્માનંદી અંતરાત્મા શરીર અને આત્માની ભિન્નતાનો વિચાર કરીને આત્માની સન્મુખ વસે છે. બાહ્ય પરભાવોથી દૂર થઈને અંતરમાં અવગાહન કરીને અંતર્મુખ બને છે. શરીર ધર્મપાલનનું સાધન હોવાથી તેનું પોષણ કરે છે, પરંતુ જ્યાં શરીર પાપ કે અધર્મ તરફ જવાની તૈયારી કરે છે, ત્યાં તેને સાથ આપતા નથી.

શરીર અને શરીર સંબંધિત સાધનોનો ઉપયોગ કરવા છતાં તેનાથી નિર્લિપ્ત રહીને કુટુંબ, સમાજ, રાષ્ટ્ર વગેરે પ્રત્યેના સ્વકર્તવ્યનું પાલન કરે છે અંતરમાં તો એમ જ સમજે છે કે આ મારાં નથી, પારકાં છે. આ શરીર નિમિત્તે મારો બધાની સાથે સંબંધ છે, એટલે મારે એમના પ્રત્યે કર્તવ્ય અને ફરજ બજાવવી જોઇએ આથી કહ્યું છે.

"**રે રે સમદષ્ટિ જીવડા,**
**કરે કુટુમ્બ-પ્રતિપાલ।**
**અંતર સે ન્યારી રહે,**
**જ્યોં ધાય ખિલાવે બાલ॥"**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંક્ષેપમાં, અંતરાત્મા ભીતરમાં બાહ્ય પરભાવોથી અલગ રહે છે અને આત્માનો વિચાર કરીને પરમાત્મા તરફ જવા માટે યોગ્ય ધર્મ-પુરુષાર્થ કરે છે. એ વિચારે છે કે ધર્મના પ્રભાવથી જ આ બધા શુભ સંયોગ અને સાધના મળ્યાં છે, તો હવે મારે પરમ ઉપકારી મિત્ર સમાન ધર્મને શા માટે તજવો જોઇએ? ધર્મ જ મારા આત્માનું કલ્યાણ કરનારો છે. આત્માની અભિમુખ થવાથી આવા જીવ અંતરાત્મા કહેવાય છે.

ત્રીજો પ્રકાર છે પરમાનંદી પરમાત્માનો. સમસ્ત કર્મજન્ય વિઘ્નથી રહિત થઇને શુદ્ધ, બુદ્ધ, મુક્ત, નિરંજન, નિરાકાર કે જીવનમુક્ત વિતરાગ બને છે આવા આત્માઓ તો સદા-સર્વદા આત્મસ્વરૂપમાં જ રમણ કરે છે. પોતાના સ્વભાવ અને આત્મગુણોમાં જ તલ્લીન રહે છે.

જો બહિરાત્મા જીવ કર્મોના આવરણોને દૂર કરવા માટે શુદ્ધ ધર્મથી પુરુષાર્થ કરે, કામ, ક્રોધ, મદ, લોભ. કપટ, અભિમાન. રાગ-દ્વેષ, મોહ વગેરે વિભાવોને છોડીને શીલ, ક્ષમા, નિરહંકાર, સંતોષ, સરળતા, નમ્રતા, વીતરાગતા વગેરે સ્વભાવમાં-આત્મગુણોમાં રમણ કરવા લાગે, તો તે અંતરાત્મા બનીને ક્રમશઃ ગુણસ્થાનોનાં પગથિયાં ચઢતાં-ચઢતાં એક દિવસ પૂર્ણ-શુદ્ધ આત્મા-કર્મરહિત આત્મા-પરમાત્મા બની જાય છે.

### પરમાત્મા પ્રાપ્તિનો ઉપાય :

જિન મહામુનિઓએ અંતરાત્મા બનીને પરમાત્મતત્ત્વમાં લીન થવાની સાધના કરી છે. તેમણે પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ માટે વધારે સરળ ઉપાય આ બતાવ્યો છે.

"સર્વં નિરાવૃત્ય વિકલ્પબાલં,
સંસારકાંતારનિપાતહેતુમ્ ।
વિવિક્ત માત્માનમવેક્ષ્યમાણો,
નિલીયસે ત્વં પરમાત્મતત્ત્વે ॥"

"હે મુમુક્ષુ! જો તું પરમાત્મતત્ત્વમાં લીન થવા માગતો હોય, તો બધા પ્રકારના વિકલ્પોને તજી દે. આત્મામાં ઉત્પન્ન થનાર વિવિધ વિકલ્પ જ સંસારરૂપી ભવાટવિમાં ભટકાવે છે. આ મહેલ, ધનસંપત્તિ, મિત્ર, પત્ની, પુત્ર, જમીન-જાયદાદ મારા છે. આ પ્રકારની મારાપણાની વિકલ્પજાળ જ આત્માને ચક્કરમાં નાખે છે. આ પરપદાર્થોમાંથી આત્મબુદ્ધિને દૂર કરી લો આટલું જ નહીં, હું નિર્બળ છું, નિર્ધન છું, ધનિક છું, રાજા છું, રંક છું, આ બધા વિકલ્પ તથા આ મારો શિષ્ય છે, આ મારો ભક્ત છે. વગેરે પ્રશસ્ત ગણાય તેવા વિકલ્પ પણ આત્માને પરમાત્મતત્ત્વમાં લીન નથી થવા દેતા, તેથી આ બધા વિકલ્પોથી આત્માને દૂર રાખીને નિર્દ્વન્દ્ર, નિર્વિકલ્પ રાખવો જોઇએ.

પોતાના આત્માને આ બધા વિકલ્પોથી મુક્તરૂપમાં અનુભવ કરવાનો પ્રયત્ન કરો. સંસારનો કોઇ પણ વિકલ્પ આત્માને સ્પર્શ ન કરે ત્યારે સમજવું કે પમાત્મતત્ત્વમાં લીન થઇ ગયા, કારણ કે ત્યાં આત્માનું શુદ્ધ સ્વરૂપ જ વિદ્યમાન રહે છે.

વિકલ્પોને દૂર કરવાનો ઉપાય એ છે કે પરમાત્માને આત્મામાં જુઓ. આત્મા પરમાત્મારૂપી સૂર્યની આભા છે આત્મા ન હોત તો પરમાત્માની ચર્ચા જ ન થાય. હું ( આત્મા ) અને પરમાત્મા એક છીએ. અંતર એટલું જ છે કે હું ( આત્મા ) આવરણોથી ઢંકાયેલો છું. પરમાત્મા બધા આવરણોથી દૂર છે. જે શક્તિ પરમાત્મામાં છે, તે જ આત્મામાં છે. આત્માની શક્તિ કર્મોનાં આવરણોથી ઢંકાયેલી છે અને પરમાત્માની શક્તિ કર્મક્ષયના કારણે સમસ્ત આવરણોથી અલગ પૂર્ણરૂપમાં પ્રગટ થયેલી છે.

આપણી શક્તિ પૂર્ણરૂપથી પ્રગટ નથી થઇ. તેને પૂર્ણરૂપથી પ્રગટ કરવા માટેનો સરળ માર્ગ એ છે કે પરમાત્મા પ્રાત આત્મામાં પરિપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમ જાગૃત થઇ જાય. તે પ્રેમ એવો હોવો જોઇએ કે ગમે તેવી પરિસ્થિતિમાં પણ પરમાત્માનું ધ્યાન ખંડિત થવું જોઇએ નહીં. હંમેશા આ જ ધ્યાન રહે....

**" સિદ્ધોઽહં સુદ્ધોઽહં,**
**અણંતણાદિ ગુણ સમિદ્ધોઽહં "**

" મારો આત્મા સિદ્ધ છે, શુદ્ધ છે, અનંતજ્ઞાન વગેરે નિજગુણોથી યુક્ત છે."

આ જ વાતનો નિર્દેશ શ્રાવક વિનયચંદ પોતાની ' ચોવીસી 'માં કરે છે.

**" તૂ સો પ્રભુ પ્રભુ સો તૂ હૈ,**
**દ્વૈતકલ્પના મેટો;**
**શુદ્ધ, ચેતન, આનંદ, 'વિનયચંદ'**
**પરમાતમ પદ મેટો. "**

આ રીતે આત્મા હંમેશા પરમાત્મધ્યાનમાં તલ્લીન રહેશે તો તેના સમસ્ત આવરણ હટી જશે. તે સમયે આત્મા સ્વયમેવ પરમાત્મા બની જશે.

**સ્થળ :** ગોડીજીનો ઉપાશ્રય પાયધુની, મુંબઇ.
**સમય :** વિ. સં. ૨૦૦૬ શ્રાવણ સુદ-૧૨

---

## યાત્રા પ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૫૨ ના ચૈત્ર સુદ ૫ રવિવાર તા. ૨૪-૩-૯૬ના રોજ પાલીતાણા મુકામે સભ્યશ્રીઓનો એક યાત્રા પ્રવાસ રાખવામાં આવ્યો હતો.

આ યાત્રા પ્રવાસ મહા તથા ચૈત્ર માસનો સંયુક્ત રાખવામાં આવ્યો હતો.

તેમાં નીચેના ડોનરશ્રીઓ તરફથી ગુરુભક્તિ તથા સ્વામીભક્તિ શ્રી તખતગઢ જૈન ધર્મશાળામાં કરવામાં આવી હતી, જેમાં ખૂબ જ સરસ એવો ગુરુભક્તિનો તથા સ્વામીભક્તિનો લાભ મળ્યો હતો.

### મહા માસ તથા ચૈત્ર માસની યાત્રા પ્રવાસના દાતાશ્રીઓ

| | | |
|---|---|---|
| (૧) | શ્રી કાંતિલાલ રતિલાલ સલોત, વનિતા સાડી સેન્ટર | ભાવનગર |
| (૨) | શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત | ભાવનગર |
| (૩) | શ્રી ખીમચંદભાઈ પરશોત્તમદાસ શાહ | ભાવનગર |
| (૪) | શ્રી હઠીચંદ ઝવેરભાઇ શાહ | ભાવનગર |
| (૫) | શ્રી વનમાળીદાસ ગોરધનભાઇ શાહ | મુંબઇ |
| (૬) | શ્રી સાકરચંદ મોતીચંદ શાહ | મુંબઇ |
| (૭) | શ્રી કપૂરચંદ હરીચંદ શાહ ( માચીસવાળા ) | ભાવનગર |
| (૮) | શ્રી વૃજલાલ ભીખાલાલ શાહ ( દલાલ ) | ભાવનગર |
| (૯) | શ્રી નાનચંદભાઇ તારાચંદભાઈ શાહ | મુંબઇ |
| (૧૦) | શ્રી બાબુલાલ પરમાણંદદાસ શાહ | ભાવનગર |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવાન શ્રી મહાવીરદેવનો જીવનસંદેશ



( પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર )

આજથી લગભગ ચોવીસસો વર્ષ પહેલાંની એ એક શાંત રજની હતી. જે સમયે આકાશ શાંત હતું. વાતાવરણ પ્રસન્ન હતું. રજનીનાથ ચંદ્રના સુમધુર શીતલ કિરણોનો સૌમ્ય પ્રકાશ પૃથ્વીના વિશાલ પટ પર રેલાઇ રહ્યો હતો. સુરભિ વાયુ મંદમંદ ગતિએ વાઇ રહ્યો હતો. તે ચૈત્ર શુદિ ત્રયોદશીની પવિત્ર રજનીએ ત્રિલોકનાથ ભગવાન શ્રી મહાવીરદેવ આ અવનિ પર પધાર્યા.

રળીયામણા મગધદેશ ( બિહાર ) નું સમૃદ્ધ ક્ષત્રિયકુંડનગર તે વેળાએ ધન્ય બન્યું. સાત સાત પેઢીને અજવાળનારા પનોતા પુત્રનાં આગમનથી મહારાજા સિદ્ધાર્થ તથા મહાદેવી ત્રિશલામાતા તેમજ સમગ્ર રાજકુલ તે શુભ અવસરે આનંદના સરોવરમાં નિમગ્ન બન્યું.

જગદુદ્ધારક ભગવાન શ્રી મહાવીરદેવના જન્મથી માતા ત્રિશલાદેવીએ પોતે જોયેલાં ચૌદ મહાસ્વપ્નો ફળ્યા માની તેઓનું હૃદય હર્ષના મહાસાગરમાં હીલોળા ભરવા માંડયું. ભગવાનના જન્મની સાથે તે વેળાએ ત્રણેય લોકમાં શાંતિ, સુખ તથા શીતળતાની નિર્મળ હવા ફેલાઇ ગઇ. વાતાવરણમાં પવિત્રતાનો પમરાટ પથરાયો. ખરેખર રાગ-દ્વેષ તથા અજ્ઞાનનાં ગાઢ અંધકાર પડળોને નિવારનાર તેજસ્વી સૂર્યસમા દેવાધિદેવ શ્રી મહાવીર ભગવંતનો મહિમા અલૌકિક તથા અદ્‌ભુત હતો.

જન્મ થતાંની સાથે દેવ-દેવેન્દ્રોનાં ઇંદ્રાસનો કંપી ઉઠ્યા. અસંખ્યાત દેવ દેવીઓનાં પરિવારની સાથે ઇન્દ્રોએ મેરુશિખર પર ભગવાન શ્રી મહાવીરદેવનો જન્મ-મહોત્સવ ઉજવીને પોતાની જાતને ધન્ય બનાવી. પૂર્વકાલીન અનેક ભવોની ઉત્કટ કોટિની આરાધનાના પ્રભાવે ભગવાન શ્રી મહાવીરદેવનું પુણ્યતેજ ખરેખર અપ્રતિમ છે. શક્રેન્દ્રને ભગવાનનાં શરીરબળ વિષે શંકા જાગે છે, તે વેળા અનંતબલી શ્રી વીર ભગવાને પોતાના પગના અંગુઠાથી લાખ-લાખ યોજનના મેરુને કંપાવ્યો. બાળ એવા વીર ભગવંતનું એ કેવું અતુલ પરાક્રમ !

આવું અનુપમ આત્મબલ, ભવાંતરના તપ, ત્યાગ તથા સંયમ, ધર્મની ઉત્તમ આરાધનાના યોગે ભગવાનને પ્રાપ્ત થયું છે; માટે જ અનંતબલી મહાવીર ભગવંતનું તે બળ ક્ષમાદ્વારા જગતકલ્યાણકર બન્યું. મુક્તિમાર્ગની આરાધનાના યોગે પ્રાપ્ત થતી શક્તિઓ જગતના સમસ્ત આત્માઓને માટે આ રીતે આશીર્વાદરૂપ બને છે એ નિઃશંક છે.

આમલકી ક્રીડાના અવસરે બાલ વર્ધમાનકુમાર, દેવનો બબ્બે વખત પરાભવ કરે છે. શક્તિશાળી વર્ધમાનનાં સત્ત્વ, ધૈર્ય તથા પરાક્રમ કોઇ અજબ કોટિનાં છે. દેવ છેવટે પરાજય સ્વીકારી, બાલવર્ધમાનની સ્તુતિ કરી, પોતાના અપરાધની ક્ષમા યાચી પોતાનાં સ્થાને ચાલ્યો જાય છે. અતુલબલી વર્ધમાનકુમારનાં પરાક્રમની યશોગાથા તે વેળા આખાયે નગરમાં ફેલાઇ.

માતા-પિતા પોતાના પુત્ર વર્ધમાનકુમારને ભણાવવાને માટે પાઠશાળામાં લઇ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રણ-ત્રણ વિશિષ્ટ જ્ઞાનના સ્વામી ભગવાનનાં હૃદયની વિશાળતા સાગર કરતાંયે અધિક છે. વાણીની ગંભીરતા આત્માની ધીરતા અદ્દભૂત છે. પાઠશાળાના શિક્ષકને જ્યારે સમજાય છે કે આ બાળક તો જ્ઞાનનો સ્વયંભૂરમણ સાગર છે, ત્યારે તે પાઠક પોતાના હૃદયની શંકાઓ પ્રગટ કરી બાળ વર્ધમાનકુમાર પાસેથી સમાધાન મેળવે છે.

યૌવન વયે ભગવાન મહાવીર, યશોદાની સાથે પાણિગ્રહણ કરે છે. જળ કમળની જેમ નિર્લેપ બનીને સંસારના સુખોમાં મહાવીર ભગવંત હૃદયથી વિરક્ત રહે છે. ઋદ્ધિ-સિદ્ધિ તથા સમૃદ્ધિ, રાજ-પાટનાં અપાર વૈભવો, આ બધાની વચ્ચે વૈરાગ્ય રંગથી રંગાયેલો ભગવાન વીરનો મહાન્ આત્મા ઉદાસીનપણે અનાસક્ત-ભાવે રહે છે.

વૈરાગ્યના મહાસાગર ભગવાન શ્રી મહાવીર દેવ, ત્રીશ વર્ષની ભરજુવાનીમાં વૈભવો, ઋદ્ધિ તથા સંપત્તિઓના અઢળક સાધનોને લાત મારી કાર્તિક વદિ ૧૦ ના મંગળ દિવસે ત્યાગના પવિત્ર માર્ગે પ્રયાણ આદરે છે.

ભગવાન શ્રી મહાવીર, રાજઋદ્ધિનો ત્યાગ કરીને, સંસારને એક જ ઉપદેશ આપી રહ્યા છે. 'સુખ જોઇતું હોય, શાશ્વત અખંડ તથા સ્વતંત્ર સુખ મેળવવું હોય, તો સંસારના માયા, મોહ તથા મમતાનાં બંધનોને ત્યજી દો. આત્માને પામર બનાવનાર આ બધા ભાવ શત્રુઓનો પરાજય કરનાર જ વીર બની શકે છે. વીરતાનો, ઉન્નતિનો તથા આત્મપ્રગતિનો આ જ એક રાજમાર્ગ છે.'

સ્વેચ્છાએ સંસારના સુખોને સાપ જેમ કાંચળી ફેંકી દે તેમ ત્યજીને સંસારમાંથી નીકળતા શ્રી વર્ધમાનકુમાર આ રીતે સંસારનાં સુખોની અસારતા જગતને સુણાવી રહ્યાં છે.

સંયમ સ્વીકાર્યા પછી, ભગવાન વીર પ્રભુ સાડાબાર વર્ષ સુધી ઉગ્ર તપ તપવાપૂર્વક ઘોર ઉપસર્ગોને હૃદયની પ્રસન્નતાપૂર્વક અપૂર્વ ધૈર્યથી સહન કરતા રહે છે. અનંત બળના સ્વામી તેઓ કોઇના પ્રત્યે પણ, અરે! પોતાની જાત પર ભયંકર ઉપદ્રવો કરનાર પ્રત્યે પણ, કોપ કરતા નથી. કોઇના પ્રત્યે રોષ નહિ રાખતા તેઓ પોતાના પૂર્વ દુષ્કૃત્યને ખપાવવા જાગૃત રહે છે. બહારથી, અંદરથી તથા બન્ને રીતે શમ, ઉપશમ તથા પ્રશમને ધારણ કરનાર શ્રી વીરભગવંતનું ધૈર્ય ખરેખર મેરુ કરતાં અધિક હતું.

ક્ષમાના સાગર ભગવાન શ્રી મહાવીરે પોતાના બળનો કે આત્મશક્તિનો ઉપયોગ, કેવળ નિજના ભાવ શત્રુ કર્મ, કષાયોને જીતવાના માર્ગે જ કર્યો. ત્યારથી ભગવાન વર્ધમાનસ્વામી વીરના વીર મહાવીર તરીકે સુપ્રસિદ્ધ બન્યા. ગોવાળ જેવા ક્ષુદ્ર માનવો કે સંગમ જેવા હીન દેવોદ્વારા કરાતાં ઉપસર્ગોને સમભાવપૂર્વક તેઓ સહન કરે છે. ક્ષમાસાગર વીર ભગવંત આ બધા ઉપસર્ગોના તુમુલ તોફાનોની વચ્ચે પણ મેરુની જેમ અકંપ રહે છે.

કર્મવિવશ આત્માઓની ભાવદયા ચિંતવતાં વૈરાગ્યવાસિત ભગવાન મહાવીર ત્યાગના માર્ગે સંયમપૂર્વક અપ્રમત્તપણે વિહરી રહ્યા છે. ત્યાગને દીપાવનાર ક્ષમા ખરેખર તેઓનાં જીવનની નિર્મળતાને વધુ રંગી રહી છે. આથી કહી શકાય કે 'સાચું બળ તે જ કે બળદ્વારા જે ખરાબ કરનારનું ભલું કરવાની અપૂર્વ ક્ષમા, અનુપમ ધીરતા કે અલૌકિક વીરતા ઇત્યાદિ સ્હેજે જીવનમાં જાગ્રત હોય. સંયમ કે વિવેક વિનાનું બળ કેવળ પાશવી જ કહી શકાય.'

આજે આપણી આસપાસ જે બની રહ્યું છે, તેનો વિવેકપૂર્વક વિચાર કરતાં સ્હેજે સમજી શકાય છે કે, 'બુદ્ધિ, શક્તિ કે સંપત્તિને પામેલા માનવો આજે અહં-મમતાના તોફાની નાદે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચઢીને જગતમાં અકાળે સર્વનાશને આમંત્રી રહ્યા છે. આની સામે બે હજાર વર્ષ પહેલા જીવન જીવીને સંસારને જીતી જનારા, ભગવાન શ્રી મહાવીર દેવના આ બધા ગુણો આપણને કોઈ અપૂર્વ બોધપાઠ આપી જાય છે.

આમ સાડાબાર વર્ષ સુધી સદા અપ્રમત્તપણે ઘોર તપ તપી, ભગવાન શ્રી મહાવીરદેવ જીવનના તેંતાલીસમાં વર્ષે ઘાતીકર્મોને ખપાવી ઋજુવાલિકા નદીના કિનારે વૈશાખ સુદિ ૧૦ ના પવિત્ર દિવસે કેવળજ્ઞાન લક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યા પછી, ભગવાન મહાવીરદેવ સર્વજ્ઞ-સર્વદર્શી બન્યા. સમસ્ત લોકના સર્વ દ્રવ્યોના, સર્વ પર્યાયોને, ત્રણે કાળના સર્વ ભાવોને જોતાં-જાણતાં વિચરી રહ્યા છે.

અપાપા નગરીના ઉદ્યાનમાં. તેઓશ્રીએ ધર્મતીર્થની સ્થાપના કરી, સમસ્ત સંસારના ઉદ્ધારની એક જ ભાવનાથી, સદ્ધર્મ માર્ગનો પ્રચાર તેઓશ્રીએ ત્યારથી શરૂ કર્યો. જગતના ભૂખ્યાઓની સાચી ભૂખ ભાંગનાર, તૃષાતુરોની વાસ્તવિક તૃષાને શમાવનાર, દરિદ્રોની ભાવ દરિદ્રતાને દૂર કરનાર, તથા રોગીઓનાં રોગને ટાળનાર ભાવદયાના નિર્મળસ્વયંભૂસાગર ભગવાન શ્રી મહાવીરદેવના સદ્ધર્મમાર્ગને સ્વીકારી સંસારભરના ભવ્ય આત્માઓ તે કાલે તે અવસરે પોતાના આત્મકલ્યાણને સાધવા સમુત્સુક બન્યા.

ભગવાન શ્રી મહાવીરદેવે પોતાના સદુપદેશદ્વારા જગતના આત્માઓને મૈત્રી, પ્રમોદ, કરુણા તથા મધ્યસ્થતાના નિર્મળ તત્ત્વજ્ઞાનનું અમીપાન કરાવ્યું.

'સંસારમાં સહુ કોઈ આત્માઓ કર્માધીન છે. કર્મજન્ય વિષમતાઓને સમભાવપૂર્વક સહન કરવામાંજ જીવનની સફળતા છે. જે કાંઈ સુખ દેખાઈ રહ્યું છે તે કાલ્પનિક છે. સુખ કે દુઃખની સંસારમાં જે કલ્પના ઊઠે છે, તે મોહસાગરના તરંગ છે, મિથ્યા ભ્રમણા છે. આથી જ આપણને સુખ કે દુઃખ આપનાર અન્ય કોઈ નથી. અન્ય કોઈના પ્રત્યે રાગ, દ્વેષ, વેર, વિરોધ ન હોવો જોઈએ.'

'પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રીભાવના રાખવી. ગુણવાન આત્માઓના ગુણો પ્રત્યે હૃદયનો સદ્ભાવ કેળવવો. ગુણાનુરાગ એ જ ખરેખર જીવનની અદ્ભુત સંપત્તિ છે ધન, કીર્તિ કે પ્રતિષ્ઠા કરતાં આત્માને ઉર્ધ્વગામી બનાવનાર અનુપમ કોટિનો ગુણ આ પ્રમોદ ભાવ છે. દુઃખી, પીડિત કે સંત્રસ્ત દીન આત્માઓનાં દુઃખોને ટાળવા શક્તિ સામર્થ્યનો ઉપયોગ કરવા સજાગ બનવું તે કરુણા છે જે ખરેખર આત્માનું પ્રાણદાયી ઉત્તમ તત્ત્વ છે તેમજ જે અયોગ્ય આત્માઓ પોતાના પાપોદયે ઉન્માર્ગે જઈ રહ્યા છે, ઉપકારી આત્માઓના સદુપદેશને નકારી રહ્યા છે. આવાઓ ઉપર ઉપેક્ષાભાવ રાખતા શીખવું જોઈએ. નિર્ગુણી કે ગુણદ્વેષી આત્માઓ પ્રત્યે તિરસ્કાર ન જ હોવો જોઈએ.'

ભગવાન મહાવીરદેવના આ સદુપદેશને પામી સંસારભરના ત્રણેય લોકના આત્માઓ અજ્ઞાન, મોહ તથા કર્મબંધના પાપમાર્ગથી પાછા વળ્યા, જીવનને ધન્ય બનાવી અગણિત આત્માઓ સદ્ગતિને સાધી ગયા.

આચાર-વિચારોની સર્વશ્રેષ્ઠતાનો માર્ગ ઉદ્બોધનાર શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવે, અધ્યાત્મવાદનો માર્ગ દર્શાવ્યો; કર્મવાદનું તત્ત્વજ્ઞાન સમજાવી સંસારમાં સમભાવ કેળવવાનો સદુપદેશ આપ્યો. તથા સ્યાદ્વાદદ્વારા જગતના પદાર્થોની વ્યવસ્થાનું ભાન કરાવ્યું. આવા યથાર્થદર્શક અકારણ ઉપકારી શ્રી મહાવીર પ્રભુ ૩૦-૩૦ વર્ષ સુધી કૈવલ્ય અવસ્થામાં ગામો-ગામ દેશો-દેશ વિચરી રહ્યા છે.

તેઓશ્રીએ પોતાની મધુરી દિવ્ય વાણીદ્વારા અન્યાય આચરનારાઓને ન્યાયનો સન્માર્ગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોધ્યો. રાજસત્તા ભોગવનારા રાજકુલોને સત્તાનો સદુપયોગ શીખવ્યો. પ્રજાને સદાચાર, સંયમ, તપ, ત્યાગના અમૂલ્ય બોધપાઠો આપ્યા. શ્રીમંતોને શ્રીમંતાઇનો સદ્વ્યય કરવાને ઉપદેશ્યું. દાન, શીલ, તપ અને ભાવ ધર્મનો સન્માર્ગ ભગવાને જગતમાં આ રીતે ફેલાવ્યો.

પરિણામે રાજા-મહારાજાઓએ રાજ-પાટ ત્યજ્યાં. શેઠ શ્રીમંતોએ ભોગસુખો મૂક્યાં. દીન-હીનજનોએ દીનતા મૂકી અને સહુએ જગદુદ્ધારક શ્રી મહાવીર દેવના ચરણે પોતાનું જીવન સર્વસ્વ સમર્પી દીધું.

દશાર્ણભદ્ર જેવા રાજાઓએ, ધન્નાશાલિભદ્ર જેવા ધનવાનોએ, ચંદનબાળા-મૃગાવતી જેવાં સ્રીરત્નોએ ભગવાનનાં ચરણને સ્વીકારી, જીવનને અજવાળ્યું. ભગવાનનાં ધર્મશાસનમાં સર્વ કોઇ ભવ્ય જીવોએ આત્મકલ્યાણ સાધવા સર્વવિરતિ તથા દેશવિરતિ ધર્મને સ્વીકાર્યો.

આ રીતે જગતના કલ્યાણકાજે જીવનની છેલ્લી પળ સુધી સતત પ્રયત્નશીલ કરુણાસાગર શ્રી મહાવીર દેવ બહોંતેર વર્ષનું સમગ્ર આયુષ્ય પૂર્ણ કરી, આજથી ૨૪૭૯ વર્ષ પૂર્વે અપાપા નગરી (બિહાર)માં કાર્તિક વદ ૦)) (આસો વદિ અમાસ)ની રાત્રિના છેલ્લી ચાર ઘડીનો સમય બાકી રહ્યે સઘળા કર્મોને ખપાવી મોક્ષનાં શાશ્વત સુખધામમાં સીધાવ્યા.

તે વેળાએ ભગવાન મહાવીર દેવના પ્રથમ ગણધર શ્રી ઇન્દ્રભૂતિ-ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામ્યા અને સર્વજ્ઞ-સર્વદર્શી બન્યા.

દેવ દેવેન્દ્રો, રાજા-મહારાજા શેઠ-શ્રીમંતો સર્વ કોઇએ પોતાના અકારણહિતવત્સલ ત્રિલોકનાથ ભગવાન શ્રી મહાવીર દેવનો નિર્વાણ કલ્યાણક મહોત્સવ નિરાનંદ વદને અશ્રુપૂર્ણ નયને ઊજવ્યો.

સમસ્ત જગતના અજ્ઞાન આત્માઓના અજ્ઞાનતિમિરને, મોહ મિથ્યાત્વનાં ગાઢ અંધકારને ટાળનાર ભાવદીપક ભગવાનનાં નિર્વાણથી અંધકારઘેરાં સંસારમાં જાણે દીપકનો પ્રકાશ આપવાનો હોય તે માટે સામુદાયિક દીવાઓ કરવાની એ રાત્રિએ શરૂઆત થઇ ત્યારથી તે દિવસ દીવાળી પર્વ તરીકે ઇતિહાસમાં પ્રસિદ્ધ થયો.

ત્રિલોકનાથ જગદુદ્ધારક શ્રમણભગવાન શ્રી મહાવીર દેવને નિર્વાણ પામ્યે આજ ૨૪૭૯ વરસ વીતી ચૂકયાં છે. આજે પણ તે દેવાધિદેવ શ્રી વીર ભગવંતનું આ લોકોત્તર જીવન આપણને એ ધર્મસંદેશ આપી જાય છે કે –

'જો સંસારમાં જન્મ્યા પછી મૃત્યુને જીતી જન્મ, જરા, રોગ, શોક, રાગ-દ્વેષ, કર્મ-કષાય, આ બધાં દ્વંદ્વોથી પર બની, તમારે સાચું આત્મસુખ મેળવવું હોય તો પુણ્યયોગે મળેલી ઉત્તમ સામગ્રીઓનો તમારે વિવેકપૂર્વક સદ્વ્યય કરતાં શીખવું જોઇએ. તમને આ દેવદુર્લભ માનવદેહ પૂર્વ પુણ્યાઇના યોગે મળ્યો છે, બુદ્ધિ મળી છે, શરીર સંપત્તિ તથા સત્તા કે અન્ય ઉત્તમ સાધનો મળ્યાં છે; માટે તેને સુંદર પ્રકારની ધર્મ-આરાધના સાથે દીપાવજો.'

'જ્ઞાનને વિનય, વિવેક તથા વિરતિથી શોભાવજો, બલને ક્ષમા, ધૈર્ય તથા સત્વદ્વારા સફળ બનાવજો સંપત્તિનો દાન, ઉદારતા તથા ત્યાગગુણથી સદ્વ્યય કરતા રહેજો! શરીર, રૂપ તથા સત્તા કે અધિકાર આ બધાને સદાચાર, વિવેક તથા શાણપણથી શણગારજો! અને માનવજીવનને દર્શન, જ્ઞાન, ચારિત્રની સાધનાદ્વારા સફળ બનાવી આત્માના ભાવરિપુ કર્મદળને જીતી શાશ્વત સુખના ભોક્તા બનજો

જય હો વિશ્વવત્સલ જગદુદ્ધારક
શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવનો!

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી સૂરીભ્યો નમઃ ॥

# આભાર સ્વીકાર

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના વિનેય શિષ્યરત્ન આચાર્યદેવ શ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ મારફત નીચે મુજબ ૨૫ પુસ્તકો અમારી સભાને ભેટ આપવામાં આવેલ છે જેનો આભાર સ્વીકાર કરવામાં આવેલ છે. આ ઉત્તમ કોટીના પુસ્તકોની અમો ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ. આ પુસ્તકો લાઇબ્રેરી વિભાગમાં જ્ઞાનાભ્યાસ અર્થે સામેલ કરેલ છે....

(૧) ધન્ય બની ધરા
(૨) આસ્થાના ઓજસ
(૩) ખુલે આંખ રતન લાખ
(૪) ગ્રન્થ ખુલે ગ્રન્થી તૂટે
(૫) લાગે લગન બુઝે અગન
(૬) આંખ નરમ સપના ગરમ
(૭) અન્તરની ઉજાસ
(૮) પરમાર્થના પુષ્પો
(૯) બિન્દુ એક સિન્ધુ અનેક
(૧૦) તણખો ઝરે મનખો ફળે
(૧૧) કરે જતન મીલે રતન
(૧૨) તૂટે તાર ખૂલે દ્વાર
(૧૩) સુકા તન ભીના મન
(૧૪) જ્ઞાન ભીના અન્તરીયા
(૧૫) દ્રષ્ટિ ખૂલે મુક્તિ મીલે
(૧૬) ભીના અન્તર સુખ સમન્દર
(૧૭) ઉદધિ ઉલ્લસે ઉર
(૧૮) સંસ્કૃતિના સુવર્ણ શિખરે
(૧૯) ભાવ ભરે ભવ તરે
(૨૦) ભીનાશ ભઇ ઉજાશ ભાગ-૧
(૨૧) ભીનાશ ભઇ ઉજાશ ભાગ-૨
(૨૨) જ્યોતિ જલે જિંદગી ફળે
(૨૩) ઉછળે ઉર્મિ અન્તરમાં ભાગ-૧
(૨૪) ઉછળે ઉર્મિ અન્તરમાં ભાગ-૨
(૨૫) આંખ ઝંખે પાંખ

**શેઠ સેવંતીભાઇ એ. મહેતા**
C/O. ૐકારસૂરીશ્વરજી આરાધના ભવન,
ગોપીપુરા, સુભાષ ચોક, સુરત-૩૯૫ ૦૦૧ તરફથી
પુસ્તક નંગ-૧. 'પ્રથમ કર્મ ગ્રંથ કર્મ વિપાક' ભેટ મળેલ છે.
જે આભાર સ્વીકારી લાઇબ્રેરી વિભાગમાં જ્ઞાનાભ્યાસ અર્થે સામેલ કરેલ છે

## સાચું પ્રતિક્રમણ

એકવાર મુનિશ્રી મોહનલાલજીએ શ્રીમદ્‌ને પૂછ્યું :
'અમને કોઇ પૂછે કે પ્રતિક્રમણ કર્યું કરો છો?
ત્યારે અમારે શું કહેવું ?'
શ્રીમદ્ બોલ્યા :
'તમારે કહેવું' કે
પાપથી નિવૃત્ત થવું એ અમારૂં પ્રતિક્રમણ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શો કાં જ લિ

શ્રી ભુપતરાય જયંતિલાલ શાહ (ઉંમર વર્ષ પર) તા. ૨૭-૨-૯૬ મંગળવારના રોજ ટુંકી બિમારી બાદ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી આ સભાના વ્યવસ્થાપક સમિતિના સભ્ય હતા. તેઓશ્રી આ સભાના દરેક કાર્યમાં ખૂબ જ ખંત અને લાગણીપૂર્વક સેવા આપતા હતા. સભાના લાઇબ્રેરી વિભાગમાં પણ તેઓએ સારી એવી સેવા બજાવી હતી.

સદ્‌ગતની વિદાયથી આ સભાને ભારે મોટી ખોટ પડી છે.

તેઓશ્રીના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરે છે તેમના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ....

લિ. **શ્રી જૈન આત્માનંદ સભા,** ખારગેઇટ-ભાવનગર

# શો કાં જ લિ

શ્રી અનંતરાય અમૃતલાલ વોરા (ઉંમર વર્ષ ૭૩) તા. ૧૯-૩-૯૬ મંગળવારના રોજ સુરત મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ખૂબ જ ધાર્મિકવૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરે છે, તેમજ તેમના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે એવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લિ. **શ્રી જૈન આત્માનંદ સભા,** ખારગેઇટ-ભાવનગર

# શો કાં જ લિ

સ્વ. સુભદ્રાબેન (સવિતાબેન) હિંમતલાલ શેઠ (ઉંમર વર્ષ ૬૫) તા. ૨૭-૪-૯૬ શનિવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ખૂબ જ ધાર્મિક વૃત્તિવાળા, સ્વભાવે મીલનસાર અને સરળ વ્યક્તિત્વ ધરાવતા હતા. તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરે છે સાથે સાથે તેમના આત્માને પરમ શાંતિ મળે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ

લિ **શ્રી જૈન આત્માનંદ સભા,** ખારગેઇટ-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરની ગત તા. ૧૦–૩–૯૬ ને રવિવારના રોજ
નવી વ્યવસ્થાપક કમિટિની ચૂંટણી યોજવામાં આવી હતી.
જેમાં નીચે મુજબના હોદ્દેદારો ચૂંટાયેલા જાહેર થયા હતા.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પ્રમોદકાંત ખીમચંદભાઈ શાહ | પ્રમુખશ્રી |
| ૨. | શ્રી દિવ્યકાંતભાઇ એમ. સલોત | ઉપપ્રમુખશ્રી |
| ૩. | શ્રી હિંમતલાલ અનોપચંદભાઇ મોતીવાળા | મંત્રીશ્રી |
| ૪. | શ્રી ચીમનલાલ ખીમચંદભાઇ શેઠ | મંત્રીશ્રી |
| ૫. | શ્રી ચીમનલાલ વર્ધમાનભાઇ શાહ | ખજાનચી |
| ૬. | શ્રી કાંતિલાલ રતિલાલ સલોત | સભ્યશ્રી |
| ૭. | શ્રી પ્રવિણુચંદ્ર જગજીવનદાસ સંઘવી | સભ્યશ્રી |
| ૮. | શ્રી નટવરલાલ પ્રભુદાસ શાહ | સભ્યશ્રી |
| ૯. | શ્રી પ્રતાપરાય અનોપચંદ મહેતા | સભ્યશ્રી |
| ૧૦. | શ્રી ખાંતિલાલ મુળચંદભાઇ શાહ | સભ્યશ્રી |
| ૧૧. | શ્રી ભાસ્કરરાય વૃજલાલ વકીલ | સભ્યશ્રી |
| ૧૨. | શ્રી જસવંતરાય ચીમનલાલ ગાંધી | સભ્યશ્રી |
| ૧૩. | શ્રી રસેશકુમાર મહાસુખરાય શાહ | સભ્યશ્રી |
| ૧૪. | શ્રી અરવિંદભાઇ ચંદુલાલ બુટાણી | સભ્યશ્રી |
| ૧૫. | શ્રી હસમુખરાય જેન્તીલાલ ( હારીજવાળા ) | સભ્યશ્રી |

## કોઇનું બુરું ચાહતા પહેલા.....!




કોઇનું બુરું ચાહતા પહેલાં વિચાર કરો.
અજ્ઞાનવશ થઇ સાહસ કરવા જતાં એક દિવસ એવો આવશે
જ્યારે પરનું બુરું કરવા માટે પારાવાર પસ્તાવો કરવો પડશે,
છતાં તે બુરું કર્યાનો બદલો નહિ હશે,
જીવને તે સમયે જે સહન કરવું પડશે
તેનું વર્ણન થઇ શકે તેમ નથી.
અશાંતિની આગ પળવાર માટે ઠરીને ઠામ બેસવા દેશે નહિ,
માટે ક્ષમાભાવ રાખવો.
મનથી, વચનથી કોઇનું બુરું ચિંતવવું નહિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shree Atmanand Prakash Regd. No. GBV. 31



## ધર્મનું શરણુ....

उत्कटे दुःख आयाते प्रपत्तव्या सुमेधसा ।
आलम्ब्य परमात्मानं शरण धमभावना ॥

卐

* ઉત્કટ દુઃખ આવતા સુજ્ઞજને યોગ્ય ઉપાય લેવા સાથે પરમાત્માનું આલંબન લઇ ધર્મભાવનાનું શરણુ ગ્રહણુ કરવું.

卐

* At the approach of calamity, one having resorted to God, should take refuge with the auspicious reflection on Dharma.

પ્રતિ,

BOOK-POST

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર

For Private And Personal Use Only